જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ સામે રજુ થતી અવિશ્વાસની દરખાસ્તના અનુસંધાને કરવાની કાર્યવાહી બાબત.

**ગુજરાત સરકાર**
**પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,**
**ક્રમાંક : એસસીએ–૧૦૨૦૦૯–૨જી.૧૦૯૭–જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ** 1 DEC 2009

વંચાણે લીધા :–

(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટની એસ.સી.એ. નં.૧૪૫૬૫/૨૦૦૩, સુશ્રી ગીતાબેન એલ.રાઠવા વિરુધ્ધ ગુજરાત સરકારના કેસનો તા.૧૦–૩–૨૦૦૫ નો ચુકાદો.

(૨) પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો પત્ર ક્રમાંક : એસસીએ – ૧૮૦૩ –૧૬–જ, તા.૩૦–૧૧–૦૫

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટની એસ.સી.એ. નં.૧૦૦૭૯/૨૦૦૯, શ્રી કે.એલ.ઠાકોર વિરુધ્ધ ગુજરાત સરકાર ના કેસનો તા.૨૫–૯–૨૦૦૯ નો ચુકાદો.

<u>પરિપત્ર :–</u>

રાજય સરકારને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ–૨૫૯થી મળેલ સત્તા અને જોગવાઈ અનુસાર પંચાયત અધિનિયમ હેઠળ થયેલ કોઈ પણ કાર્યવાહી તપાસવા અને જરૂર જણાય તેમાં સુધારો કરવાના અધિકાર પ્રાપ્ત થયેલ છે. તદનુસાર, પંચાયતની કાર્યવાહીથી નારાજ કોઈ પણ વ્યકિત, આ જોગવાઈ હેઠળ રાજય સરકારને ન્યાય મેળવવા માટે રીવીઝન અપીલ કરતી હોય છે. તેમાં પંચાયત અધિનિયમની કલમ–૫૬, ૭૦ અને ૮૪ હેઠળ, અનુક્રમે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોના સભ્યો ધ્વારા રજુ કરેલ અવિશ્વાસનો પ્રસ્તાવ અને તે સંદર્ભે પંચાયતો ધ્વારા થયેલ કાર્યવાહી / નિર્ણય વિરુધ્ધ રાજય સરકારને પંચાયત અધિનિયમની કલમ– ૨૫૯ હેઠળ ન્યાય મેળવવા માટે પંચાયતના નારાજ સભ્ય / વ્યકિત ધ્વારા રીવીઝન અપીલ અરજી રજુ કરવામાં આવતી હોય છે.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૨૫૯ હેઠળ જિલ્લા / તાલુકા પંચાયતનાં પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત ઉપર અર્ધન્યાયીક અધિકાર પ્રાપ્ત અધિકારીશ્રીએ સુનાવણી કરવાની થતી નથી તેવા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ.નં.૧૪૫૬૫/૦૩ સુશ્રી ગીતાબેન રાઠવા વિરુધ્ધ ગુજરાત સરકાર અને ત્યારબાદ સ્પે.સી.એ.નં. ૧૦૦૭૯/૦૯ શ્રી કે.એલ.ઠાકોર વિરુધ્ધ ગુજરાત સરકારના કેસમાં આવેલ તા.૨૫–૯–૦૯ ના ચુકાદાઓને ધ્યાને લેતાં ભવિષ્યમાં આવી બાબતો અંગે ગુજરાત, પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ – ૨૫૯ હેઠળ સુનાવણી નહી કરવાનો નીતિ વિષયક નિર્ણય કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૩. અવિશ્વાસની દરખાસ્ત સંદર્ભમાં થયેલ કાર્યવાહીની ફેરતપાસણી સંદર્ભમાં રાજય સરકારને, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ–૨૫૯ હેઠળ મળેલ અધિકારો સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં થયેલ સ્પે.સી.એ. ૧૪૫૬૫/૦૩, શ્રીમતી ગીતાબેન રાઠવા વિરુધ્ધ ગુજરાત સરકારના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૧૦–૩–૦૫ના રોજ આપેલ ચુકાદા મુજબ તાલુકા / જિલ્લા

પંચાયતોના પ્રમુખ / ઉપપ્રમુખ વિરુધ્ધ રજુ થતી અવિશ્વાસની દરખાસ્તોના નિર્ણયો, ગુજરાત પંચાયત અધિનિયમની કલમ – ૭૦ અને કલમ – ૮૪ ની જોગવાઈ અને તે હેઠળ ઘડાયેલ પંચાયત કાર્યરીતિ નિયમો મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહે છે અવિશ્વાસની દરખાસ્ત સંદર્ભે લેવાયેલ નિર્ણયો ગુજરાત પંચાયત અધિનિયમની કલમ –૨૫૯ હેઠળ વિચારણાને પાત્ર ઠરતા નથી. રાજય સરકારે આ ચુકાદાનો સ્વીકાર કરી, અવિશ્વાસની દરખાસ્તના નિર્ણય વિરુધ્ધ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ – ૨૫૯ હેઠળ અપીલ અરજીઓ રજુ ન કરવા અને આવી અરજીઓ અપીલ સત્તાધિકારીઓ ધ્વારા વિચારણા માટે દાખલ ન કરવા વિભાગનાં તા.૩૦–૧૧–૦૫ ના પરિપત્રથી સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. છતાં પણ તાજેતરમાં તાલુકા પંચાયત, માલપુર જિ.સાબરકાંઠા ધ્વારા આવી અપીલ અરજી સરકાર સમક્ષ રજુ કરી, ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ. ૧૦૦૭૯/૦૯ રાજય સરકાર વિરુધ્ધ દાખલ કરેલ. તેમાં પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે, અગાઉના સ્પે.સી.એ.૪૫૬૫/૦૩ શ્રીમતી ગીતાબેન રાઠવા વિરુધ્ધ ગુજરાત સરકારના કેસમાં આપેલ તા.૧૦–૩–૦૫ ના ચુકાદાના પૂર્વદ્રષ્ટાંતને ધ્યાને લઈ, અપીલ અરજી ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૫૯ હેઠળ વિચારણાને પાત્ર ઠરતી ન હોવાથી, અરજદારે તેમની રીટ પીટીશન અને અપીલ અરજી પાછી ખેચતાં તે મુજબનો હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તા.૨૫–૯–૦૯ ના રોજ કરવામાં આવેલ છે.

૪ ઉકત વિગતો ધ્યાને લેતાં તાલુકા / જિલ્લા પંચાયતના પ્રમુખ / ઉપપ્રમુખ વિરુધ્ધ રજુ થતી અવિશ્વાસની દરખાસ્તોના નિર્ણયની બાબતો ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૫૯ હેઠળ રીવીઝન અપીલ તરીકે વિચારણાને પાત્ર ઠરતી નથી. તેથી આવી દરખાસ્તો સરકાર સમક્ષ રજુ નહી કરવાની નોંધ લેવા સબંધિત સર્વેને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીની હુકમથી અને તેમના નામે.

(નિર્વાણ શાહ)
નાયબ સચિવ,
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,

– સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
– સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,

**નકલ રવાના જાણ અને યોગ્ય કાર્યવાહી અર્થે :–**

– માન. મંત્રીશ્રી(પં) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (પં)નું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર
– વિકાસ કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬/૨, ડૉ.જિવરાજમહેતા ભવન, ગાંધીનગર.
– તમામ અધિક/સંયુકત/નાયબ સચિવશ્રીઓ પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સિલેકટ ફાઈલ /
– ના.સે.અ. સિલેકટ ફાઈલ